રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-:અખબારી યાદી:-

# ઈસ્ટ ઝોનના વિવિધ સ્થળોની મુલાકાત દરમ્યાન નારાયણનગર હેડ વર્કસ હેઠળના કોઠારીયા વિસ્તારને પાણી સપ્લાય સરળ બને તે માટે નેશનલ હાઈવેના અધિકારીઓ સાથે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ મીટીંગ કરશે

તારીખ: ૦૪-૦૭-૨૦૨૦



શહેરના ત્રણેય ઝોન ખાતે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ દ્વારા સપ્તાહના એક-એક દિવસ વિઝીટ કરવાનું અને મુલાકાતીઓને મુલાકાત આપવાનું શરુ કરવામાં આવેલ છે તે અનુસંધાને આજે તા. ૦૪-૦૭-૨૦૨૦ ને શનિવારે ઈસ્ટ ઝોનના મહાનગરપાલિકાના વિવિધ પ્લાન્ટની મુલાકાત કરી હતી, તેમજ વોર્ડ નંબર ૧૫ માંદૂધ સાગર બ્રિજ, આજી નદી

રિવરફ્રન્ટ ખાતેના ઇન્ટરસેપ્ટર લાઈન, આજી ડેમ ખાતે આવેલ ડાઉન સ્ટ્રીમ ગાર્ડન, આજી ફિલ્ટર પ્લાન્ટ તેમજ વોર્ડ નં. ૧૮ માં નારાયણનગર હેડ વર્કસની વિઝીટ કરી હતી. તમામ સ્થળોની વિઝીટ સમયે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ સાથે નાયબ મ્યુનિ કમિશનરશ્રી બી. જી. પ્રજાપતિ, સિટી એન્જી. શ્રી એમ. આર. કામલીયા તથા શ્રી એચ. યુ. દોઢિયા, પર્યાવરણ ઈજનેર શ્રી નિલેશ પરમાર, પી.એ. (ટેક.) ટુ કમિશનર શ્રી આર. આર. રૈયાણી, આસી. મેનેજર શ્રી એન. કે. રામાનુજ, એડી. સિટી. એન્જી. શ્રી બી. ડી. જીવાણી, એ.ટી.પી. શ્રી વી. વી. પટેલ, નાયબ કાર્યપાલ ઈજનેરશ્રી એચ. એમ. સોંડાગર, નાયબ એન્જી. શ્રી આઈ. યુ. વસાવા તેમજ સંબંધિત સ્ટાફ હાજર રહ્યા હતા.

હાલ ભાદર મેઈન લાઈનમાંથી નારાયણનગર હેડ વર્કસને પાણી સપ્લાય કરવા મેઈન લાઈનના રેલ્વે ક્રોસિંગની કામગીરી ચાલુ છે જે ઝડપી પૂર્ણ કરવા સુચના આપી હતી અને નેશનલ હાઈવે ક્રોસિંગની મંજૂરી માટે આજે નેશનલ હાઈવેના અધિકારીઓ સાથે મીટીંગ કરી તાકીદે મંજૂરી મેળવી કામગીરી ઝડપી પૂર્ણ કરવા સુચના આપી હતી. આ કામગીરી પૂર્ણ થતા નારાયણનગર હેડ વર્કસ હેઠળના કોઠારીયા વિસ્તારનો પાણી સપ્લાય સમસ્યા હલ થશે.

મ્યુનિ. કમિશનરશ્રીએ ઈસ્ટ ઝોન ખાતેના વિવિધ સ્થળોની મુલાકાત દરમ્યાન ચાલુ પ્રોજક્ટની ઝડપી કામગીરી કરી પૂર્ણ કરવાની સૂચનાઓ આપી હતી. કામગીરીની પ્રોગ્રેસ માહિતી મેળવી હતી. ઈસ્ટ ઝોનના અમુક રોડ પરથી દબાણો હટાવવા અંગે સંબધિત અધિકારીને સુચના આપી હતી.

પ્લાન્ટ અને આજી નદી રિવરફ્રન્ટની સાઈટ પર વૃક્ષો વાવવા માટેનો ટ્રી પ્લાન્ટેશન સંબધિત સૂચનાઓ આપી હતી અને સફાઈ જાળવવા સુચન કર્યું હતું. વરસાદી માહોલ હોવાથી વોંકળાની નિયમિત સફાઈ કરવા સુચના આપી હતી સાથોસાથ ફિલ્ટર પ્લાન્ટ ખાતે મટીરીયલ વ્યવસ્થાની માહિતી મેળવી હતી અને પાણીની ગુણવત્તા ચકાસી હતી.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા